**માન. અધ્યક્ષશ્રી,**

આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબ માટેના આ અભિનંદન પ્રસ્તાવને હું આવકારૂં છું. અને મારૂ સમર્થન આપું છું.

મારો ઉદ્દેશ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ તેમજ આપણા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ દ્વારા રજૂ કરવામાં આવેલ નારી સશક્તિકરણને લગતી પહેલ અને વિવિધલક્ષી નીતિઓ અંગે સંક્ષિપ્ત વિગતો રજૂ કરવાની છે.

માન. અધ્યક્ષશ્રી,

આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા સશક્ત ભારત માટે મહિલા સશક્તિકરણને પણ વેગ આપવામાં આવ્યો છે. રાષ્ટ્રના વિકાસમાં મહિલાઓનું પણ પૂર્ણ યોગદાન રહે તે માટે પહેલા સ્થાનિક સ્વરાજ્યમાં ૫૦ ટકા મહિલા અનામત આપ્યું અને તેના પરિણામે ઘણી બધી બહેનો રાષ્ટ્રના વિકાસમાં પોતાનું યોગદાન આપી રહી છે અને સરકારી નોકરીમાં ૩૩ ટકા અનામત હોય કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલાઓનું નેતૃત્વ વધે તે માટે “સમરસ મહિલા ગ્રામ પંચાયત ” યોજના અંતર્ગત નિશ્ચિત તબક્કાવાર આર્થિક સહાય આપી પ્રોત્સાહન આપી આત્મનિર્ભર બનાવવામાં આવે છે. અને એજ રીતે એ કેન્દ્રમાં “નારી શક્તિ વંદન અધિનિયમ” આવ્યું ત્યારે બહેનો માટે કહેવાનું મન થાય......

**‘જે ઘરમાં નારીનું માન સન્માન જળવાય ત્યાં દેવતાઓનો વાસ થાય છે અને એટલે જ આપણી સંસ્કૃતિમાં નારીને નારાયણી કહેવામાં આવે છે.’’**

આ દેશની મહિલાઓને આ રીતે શ્રેષ્ઠ સન્માન આપવા બદલ આ દેશના વડાપ્રધાનશ્રીનો હું ખૂબ ખૂબ આભાર માનું છું.

**માન. અધ્યક્ષશ્રી,**

આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન મહિલા સશક્તિકરણ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

નારી શક્તિને બહુવિધ ક્ષેત્રે પ્રોત્સાહન પુરૂ પાડવાની નેમ વ્યક્ત કરતા મહિલા કેન્દ્રિત યોજનાઓ અને નીતિઓનું અમલીકરણ કરવા પ્રાધાન્ય આપ્યું હતું.

**માન. અધ્યક્ષશ્રી,**

આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વ હેઠળ ગુજરાતના માતા-બાળકો કુપોષણમાંથી મુક્ત કરવાની કામગીરી કે કુપોષણ દર ઘટાડવા સગર્ભા અને ધાત્રી માતાઓને પોષણ અને આરોગ્ય અંગેનું શિક્ષણ, પૂર્વ પ્રસુતિ સેવાઓ, જોખમી સગર્ભા માતાઓને ઓળખી તેના સંદર્ભિત સેવાઓ પૂરી પાડવી તેમજ ચિરંજીવી યોજના, બેટી બચાવો – બેટી પઢાવો, કન્યા કેળવણી રથ, પૂર્ણા યોજના, માતા-યશોદા એવોર્ડ,

વ્હાલી દીકરી યોજના, ૧૮૧ અભયમ હેલ્પલાઇન જેવી યોજનાઓ લાવી મહિલાઓને સ્વનિર્ભર થવા પ્રેરણારૂપ બન્યા છે.

**માન. અધ્યક્ષશ્રી,**

આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે રાજ્યના મુખ્યમંત્રી તરીકે પ્રાપ્ત થયેલ ભેટ-સોગાદોને તોષાખાનામાં જમા કરાવીને મળેલ ભેટ-સોગાદોની હરાજી કરીને ઉપજેલા નાણા રાજ્યની “કન્યા કેળવણી નીધિ ” માં જમા કરાવવાની પ્રેરક શરૂઆત પણ માન. શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કરી હતી.

- આ નાણાનો ઉપયોગ રાજ્યની કન્યાઓના શિક્ષણ માટે કરવામાં આવતો
- આપણા આદરણીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ પણ આ પરંપરા આગળ વધારી છે.
- કન્યા કેળવણી નિધિના ભંડોળનો ઉપયોગ આજે પણ કન્યા શિક્ષણ માટે કરવામાં આવી રહ્યો છે.

**માન. અધ્યક્ષશ્રી,**

આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબ દેશના વડા પ્રધાન તરીકે શાસનધુરા સંભાળી ત્યારથી મહિલા કેન્દ્રિત અનેકવિધ યોજનાઓની શરૂઆત કરી અને દેશના છેવાડાના ગામની બહેનો સુધી આવી યોજનાઓનો લાભ પહોંચે તેની દરકાર રાખી રહ્યા છે.

**માન. અધ્યક્ષશ્રી,**

- દેશમાં આઝાદી પહેલા અને આઝાદી પછી પણ મહિલાઓને વર્ષો સુધી ચુલાના ધુમાડા અને ગરમી સહિત શ્વાસોશ્વાસની ગંભીર બિમારીઓનો ભોગ બનવું પડતું.
- મહિલાઓની આવી તકલીફોના નિવારણ તરીકે વર્ષ- ૨૦૧૬માં ''પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના'' અમલમાં મુકવામાં આવી.
- પી.એમ. ઉજ્જવલા યોજનાનો મુખ્ય ઉદ્દેશ દેશની ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારની મહિલાને મફત ગેસ કનેક્શનની સુવિધા આપવાનો છે.
- મહિલાઓના સામાજિક સ્તરમાં ખૂબ મોટાપાયે બદલાવ આવ્યો છે.
- સ્વચ્છ ભારત મિશન અંતર્ગત દેશ ભરમાં મહિલાઓનું સન્માન અને સ્વમાન જળવાઇ રહે તે માટે શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યું.
- મિશન ઇન્દ્રધનુષ હેઠળ તમામ સગર્ભા તેમજ બે વર્ષ સુધીની ઉંમરના બાળકોને જીવલેણ રોગો સામે રક્ષણ આપતી રસીઓનો લાભ સમગ્ર દેશમાં પુરી પાડવાનું આ વિશેષ અભિયાન છે.

**માન. અધ્યક્ષશ્રી,**

- સ્વસ્થ અને તંદુરસ્ત વ્યક્તિ જ સ્વસ્થ સમાજ, રાજ્ય અને દેશના નિર્માણમાં પોતાનું યોગદાન આપી શકે છે.
- તેથી – સમાજના દરેક વર્ગની સાથે મહિલાઓના જન્મથી લઇને મરણ સુધી ગુણવત્તાસભર આરોગ્ય સારવાર મળી રહે તે માટે અનેક કલ્યાણકારી પગલાઓ લીધા છે.
- મિશન ઇન્દ્રધનુષ યોજના અંતર્ગત સુરક્ષિત માતૃત્વ તથા અન્ય આરોગ્ય સેવાઓ અંતરિયાળ વિસ્તાર સુધી પહોંચાડી તમામ સ્તરની મહિલાઓને ગુણવત્તાસભર આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવાના સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.
- વર્ષે ૧૩.૨૯ લાખ પૈકી ૯.૫૪ લાખ બાળકોને રોગ પ્રતિકારક રસીકરણ કરવામાં આવ્યું.
- પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન અંતર્ગત અતિ જોખમી ચિન્હો ધરાવતી માતાઓની તપાસ કરી ઓળખ કરવામાં આવે છે.

**<u>સુકન્યા સમૃધ્ધિ યોજના (SSA) પોસ્ટ ઓફિસમાં / બેન્કમાં :</u>**

- દિકરીના ભવિષ્યને ઉજ્જવળ બનાવવા માટે સૌથી શ્રેષ્ઠ યોજના
- ૧૦ વર્ષ સુધીની દીકરીઓ (બે દીકરીઓ)ના ખાતા ખોલાવી શકાય છે.

- ઓછામાં ઓછા રૂા. ૨૫૦ અને વધુમાં વધુ રૂા. ૧૫૦,૦૦૦/- વાર્ષિક જમા કરી શકાય છે.
- ૧૮ વર્ષની ઉંમર પછી ધોરણ-૧૦ પાસ કર્યા પછી ઉપાડ ૫૦ ટકા અને લગ્ન માટે પછી ખાતું બંધ કરવાની સુવિધા

**<u>વન સ્ટોપ સેન્ટર ‘સખી યોજના’</u>**

- કોઇપણ પ્રકારની હિંસાથી અસરગ્રસ્ત મહિલાને તાત્કાલિક સંકલિત સહાય પુરી પાડવી.
- ઇમરજન્સી રિસ્પોન્સ અને રેસ્કયુ સર્વિસીસ, ,તબીબી, કાયદાકીય, પોલીસ તથા પરામર્શ સેવા એક જ જગ્યાએથી હિંસા પીડિત મહિલાને તમામ પ્રકારની તાત્કાલિક મદદ, માર્ગદર્શન અને સુવિધાઓ આપવામાં આવે છે.

**<u>૧૮૧ અભયમ હેલ્પલાઇન</u>**

- કોઇપણ ઉંમરની કન્યા, યુવતી કે મહિલા આ સેવાનો ઉપયોગ કરી શકે છે.
- ફોન પર માર્ગદર્શન સલાહ, સૂચન હિંસાના સંજોગોમાં તાત્કાલિક બચાવ, કાઉન્સિલીંગ (સલાહ), મહિલાલક્ષી યોજનાઓની માહિતી.

**પી.એમ. પોષણ શક્તિ નિર્માણ યોજના :-**

- આપણા દેશમાં આર્થિક નબળા વર્ગના ઘણા એવા પરિવારો છે
- જેઓ તેમના બાળકોને યોગ્ય રીતે ખવડાવી શકતા નથી જેના કારણે બાળકો કુપોષણનો શિકાર બને છે.
- ૧૧.૮ કરોડ બાળકોને પોષ્ટીક આહાર આપીને ફાયદો થશે.
- મધ્યાહ્ન ભોજના યોજનાને પ્રધાનમંત્રી પોષણ શક્તિ યોજનામાં સામેલ કરવામાં આવ છે.
- જેની દેશના પ્રાથમિક શાળાના બાળકોને પોષ્ટિક આહાર મળી રહે
- દેશના ગરીબ પરિવારના બાળકોને કુપોષણ જેવા રોગોથી બચાવીને એમના સ્વસ્થ્ય ભવિષ્યનુ નિર્માણ કરવાનું છે.